કૃષિ પ્રાયોગિક કેન્દ્ર,
નવસારી કૃષિ યુનિવર્સિટી,
પરિયા, તા. પારડી, જી. વલસાડ, ૩૯૬ ૧૪૫

NAVSARI AGRICULTURAL UNIVERSITY

ડો. સી. આર. પટેલ
ઇ/ચા સંશોધન વૈજ્ઞાનિક (બાગાયત)

ઇ-મેલ : aesparia@nau.in
મો. ૯૪૨૮૧૬૦૯૩૭


જા.નં./સંવૈ/કૃપ્રાકે/નકૃયુ/ટી-૧/નર્સરી જાહેરાત/૫૨૭ /૨૦૨૬ તા.૨૭/03/૨૦૨૬

# -: જાહેરાત :-

આથી તમામ ખેડૂત ભાઈઓ તેમજ બહેનોને જણાવવાનું કે નવસારી કૃષિ યુનિવર્સિટીના કૃષિ પ્રાયોગિક કેન્દ્ર, પરીયા હસ્તકની મોડેલ નર્સરીમાંથી આંબાની વિવિધ જાતોની ભેટ કલમ (Inarch graft) અને સોનપરીની નુતન કલમ (Softwood graft) નુ વેચાણ કરવામાં આવે છે. કલમ ખરીદવા માટે ઓન-લાઇન અરજીઓ <u>તારીખ ૧ લી એપ્રિલ, ૨૦૨૬ થી ૧૫ મી એપ્રિલ, ૨૦૨૬ (૦૧-૪-૨૦૨૬ થી ૧૫-૦૪-૨૦૨૬)</u> સુધી સ્વીકારવામાં આવશે. **કલમો માટે ઓનલાઇન કરેલ અરજીઓ જ ગ્રાહ્ય રાખવામાં આવશે.** કલમ નોંધણી માટે નવસારી કૃષિ યુનિવર્સિટીની વેબસાઇટ www.nau.in અથવા સીધું https://eshop.nau.in વેબસાઇટ ઓપન કરી કલમોની નોંધણી કરી શકાશે. જે માટે સૌપ્રથમ વેબસાઇટ https://eshop.nau.in પર જઇ Farmer Registration (ખેડૂત તરીકેની નોંધણી) કરવું. ત્યારબાદ ફરીથી e-shop પર જવું અને Sign-in કરવું એટલે વિવિધ કેન્દ્રોની જાહેરાત દેખાશે. અગાઉ Farmer Registration કરેલ હોય તે ખેડૂતે ફરીથી Registration કરવાની જરૂર નથી. તેમણે રજિસ્ટર થયેલ મોબાઈલ નંબર અને પાસવર્ડનો ઉપયોગ કરી સીધા જ Sign-in કરી શકાશે.

કૃષિ પ્રાયોગિક કેન્દ્ર, પરીયા ખાતેથી આંબાની વિવિધ જાતોની ભેટ કલમ અને સોનપરીની નુતન કલમ લેવી હોય તો પરીયા કેન્દ્રની જાહેરાત ખોલી માંગ્યા મુજબની વિગતો ભરી કલમોની નોધણી કરવી. ભેટ કલમની ફાળવણી અંદાજે <u>**ઓગસ્ટ**</u> માસમાં કરવામાં આવશે જ્યારે નુતન કલમ <u>**જુલાઇ થી ઓક્ટોબર**</u> માસ સુધીમાં આપવામાં આવશે. ઓનલાઈન અરજી મંજુર થયા બાદ Registration થયેલ મોબાઇલ નંબર ઉપર SMS આવશે ત્યારે ખેડૂત ખાતેદારના પુરાવા તરીકે અરજીમાં ખેડૂતે દર્શાવેલ ૭-૧૨ તેમજ ૮-અ ની નકલ, આધારકાર્ડની નકલ અને ઓનલાઈન ઓર્ડરની પ્રિન્ટ સહી કરીને અત્રેના કેન્દ્ર ખાતે <u>**ઓર્ડરમાં દર્શાવેલ તારીખ, સમય અને સ્થળપર**</u> **(રિસેસ સમય ૧૨:૦૦ થી ૦૨:૦૦ સિવાય)** હાજર રહી જમા કરાવવાનું રહેશે અને પેમેંટ ચૂકવણી કરી આપની કલમ લઇ જવાની રહશે. ખેડૂતોને નોંધણીમાં અગવડ પડે તો અત્રેના કેન્દ્ર ખાતે રૂબરૂ જઈ નોંધણી કરાવી શકશે, જે માટે ખેડૂત ખાતેદારના પુરાવા તરીકે ૭-૧૨ તેમજ ૮-અ ની નકલ, આધારકાર્ડની નકલ તેમજ મોબાઈલ સાથે લઈને આવવાનું રહેશે.

સરકારી તેમજ અર્ધ-સરકારી સંસ્થાઓએ કલમ ખરીદવા માટે ઓનલાઈન અરજી ન કરતા સીધા જ અત્રેના કેન્દ્ર ખાતે લેખિત અરજી કરવાની રહેશે અથવા aesparia@nau.in પર ઈ-મેઈલ દ્વારા પણ અરજી મોકલી શકાશે.

સંશોધન વૈજ્ઞાનિક (બાગાયત)
કૃષિ પ્રાયોગિક કેન્દ્ર, ન.કૃ.યુ., પરીયા,
તા. પારડી-૩૯૬૧૪૫, જી. વલસાડ.